જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૭/૨૦૨૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૧૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૧૮ કેસ કરી, ૧૧૪ વ્યક્તિઓને ઝડપી, ૪૩૮ લીટર દેશી દારૂ, ૧૭૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૯૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૫૨ બિયર ટીન, ૦૨ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૭ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૭૩,૫૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૧૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૦૧૪/૨૦૨૫**

એરપોર્ટઃ અજયકાન્ત સ/ઓ રામપુનીત મિશ્રા (રહે.ભદ્રેશ્વર હાઉસીંગ સોસાયટી ગંગાધર ગેટ પાસે સરદારનગર) એ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૭/૨૦૨૫ સાંજના ૭/૦૦ થી તા.૨૨/૦૭/૨૦૨૫ કલાક ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાના તાળાં/નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના તેમજ ચીજ વસ્તુઓ અને રોકડ રૂપિયા ૬૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૮૪,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.ડી.પુરોહીત ચલાવે છે.

સોનાની ચેઇન ખેચી તોડી લઈ ગયાઃ– **સમાચાર યાદી નં.૧૦૧૫/૨૦૨૫**

એલીસબ્રીજઃ ઈન્દુબહેન વા/ઓ વિનોદભાઈ શાહ (ઉ.વ.૬૧)(રહે.દેવશ્રી એપાર્ટમેન્ટ પ્રિતમનગર અખાડા સામે પાલડી) તા.૨૦/૦૭/૨૦૨૫ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે એલીસબ્રીજ પ્રિતમનગર ક્લબ હોલ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા ચાલક એક્ટીવા થોડે દુર પાર્ક કરી ચાલતા ઈન્દુબહેન શાહ નજીક આવી ઈન્દુબહેન શાહના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૨,૦૦૦/– ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ ઈન્દુબહેન શાહ એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એન.સુમરા ચલાવે છે.

મણીનગરઃ દક્ષાબહેન વા/ઓ હરીશભાઇ બ્રહ્મભટ્ટ (ઉ.વ.૫૮) (રહે. ભુમી બંગલો શિવકૃપા મુક્તી મેદાન ગેટ નંબર–૩ ની ગલીમાં બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ સામે મણીનગર) તા.૨૨/૦૭/૨૦૨૫ સાંજના ૭/૫૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક એક્ટીવા પાર્ક કરતા હતા ત્યારે સરનામું પુછવાના બહાને સફેદ રંગના એક્સેસ સ્કુટર ઉપર આવેલ બે પુરૂષ દક્ષાબહેન બ્રહ્મભટ્ટના ગળામાંથી સોનાનું ડોકીયુ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/– ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ દક્ષાબહેન બ્રહ્મભટ્ટએ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આઇ.પટેલ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૧૦૧૬/૨૦૨૫**

મેઘાણીનગરઃ પ્રહલાદભાઇ મોહનભાઇ પરમાર (રહે. હંસપ્રતાપ સોસાયટી શાંતમ ટાવર સામે શાહીબાગ) એ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૭/૨૦૨૫ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે કલાપીનગર છેલ્લા બસ સ્ટેન્ડ શુભમ હોસ્પિટલ/નર્સિંગ કોલેજની ઓફિસમાં કાળા રંગનો બુરખો પહેરેલ એક અજાણી સ્ત્રી પ્રવેશ કરી તિજોરીમાંથી રોકડ રૂપિયા ૮,૦૦,૦૦૦/– ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.એસ.પટેલ ચલાવે છે.

દાઝી જતાં મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૦૧૭/૨૦૨૫**

મેઘાણીનગરઃ અંજુ ઉમેશચંદ્ર શર્મા (ઉ.વ.૩૦) (રહે. કુમ્ભાજીની ચાલી શિવજી મંદિર પાસે મેઘાણીનગર) તા.૨૦/૦૭/૨૦૨૫ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગેસની સગડી ઉપર ચા બનાવતા હતા ત્યારે ગેસ લીક થતા આગ લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૧/૦૭/૨૦૨૫ રાતના ૧૦/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.બી.પટેલ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૦૧૮/૨૦૨૫**

કૃષ્ણનગરઃ ઉપાસનાદેવી વા/ઓ કૌશેલેન્દ્રસિંહ સેંગર (ઉ.વ.૩૨) (રહે. મધુવન ગ્લોરી એપાર્ટમેન્ટ ઘરણીધર એવન્યુની બાજુમાં નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૭/૨૦૨૫ સવારના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.આર.પુવાર ચલાવે છે.

ઓઢવઃ યોગેશભાઇ મહેશભાઇ વાઘેલા (ઉ.વ.૩૮)(રહે. ચોકસીની ચાલી વિવેકાનંદ મીલ સામે ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૭/૨૦૨૫ રાતના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન સવારના ૬/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી